જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૧/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૪૫ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫ બીયરટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૧૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૪/૨૦૨૬**

નરોડાઃ કનુભાઈ સ/ઓ દેવજીભાઈ પરમાર (ઉ.વ ૫૩)(રહે.રાઘવ રેસીડેન્સી જી.ઈ.બી. સામે દહેગામ રોડ હંસપુરા નવા નરોડા) એ તા.૨૭/૦૧/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૧/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નરોડા કેનાલ પાસે, ગજાનન આર્કેડ ખાતે આવેલ "મેસર્સ ઈન્ડેલ મની લિમિટેડ" ની બ્રાન્ચ 5GF ખાતે ગીરો રાખેલ સોનાના દાગીના છોડાવવા માટે જતા, ગોદરેજ સેફ વોલ્ટમાં લોક સિસ્ટમ હેઠળ અલગ ગોલ્ડ પેકેટ (TEE કવર્સ) માં રાખેલા દાગીના લેવા સારૂ સેફ રૂમમાં જતા, ગોલ્ડ પેકેટમાં માત્ર ૧૧.૯ ગ્રામનું એક બ્રેસલેટ જ હતું જ્યારે ૪૨.૯ ગ્રામના બાકીના સોનાના દાગીના (હાર) પેકેટમાંથી જણાઇ આવેલ નહી. જે સોનાના હાર નંગ–૨ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– વારંવાર "મેસર્સ ઈન્ડેલ મની લિમિટેડ" બ્રાંચના જવાબદાર અધિકારી/કર્મચારી પાસેથી પરત માંગવા છતા દાગીના પરત નહી આપી કનુભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

કેનાલમાં ડુબી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૩૫/૨૦૨૬**

સરખેજઃ શાહિદ શોયેબમહમદ શેખ (ઉ.વ.૧૪)(રહે.ઉર્વા પાર્ક યુસુફ મસ્જીદની બાજુમા ફતેવાડી જુહાપુરા) તા.૨૬/૦૧/૨૦૨૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ફતેવાડી કેનાલ ખાતે તેના મિત્રો સાથે ફરવા ગયા હતા ત્યારે સરખેજ નરીમાનપૂરા ફતેવાડી કેનાલ ઇલેક્ટ્રિક પોલ નં–૩૬ પાસે તેનો પગ લપસતા કેનાલમા પડી જતા પાણીમાં ડૂબી જવાથી તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૩૬/૨૦૨૬**

શહેરકોટડાઃ નરસિંહભાઈ ભગાભાઈ પરમાર (ઉ.વ.૬૫)(રહે.વલીઉલ્લાની ચાલી, ઈંટવાડાની અંદર, સરસપુર, શહેરકોટડા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૧/૨૦૨૬ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડાની લાકડાની મોટી વડી સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીભાઈ ચલાવે છે.

મેઘાણીનગરઃ રાહુલભાઇ મહેશભાઇ પટણી (ઉ.વ.૨૬)(રહે.સલમાનખાનની ચાલી, રામજી મંદીર સામે, પતરાવાળી ચાલી સામે, ચમનપુરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૧/૨૦૨૬ સાંજના ૫/૦૦ થી ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે બીજા માળે પંખાના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.એરુણકર ચલાવે છે.

વટવાઃ વટવા વિંઝોલ રોડ પૃથ્વી સોસાયટી ખાતે રહેતા મહિપાલસિંહ ઝાલાના ૧૬ વર્ષના પુત્રએ અગમ્ય કારણસર તા.૨૭/૦૧/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે સાડી વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ બાબરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી